# ડીજિટલ ગુજરાત પોર્ટલ પર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત ઓનલાઇન અરજી કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ તથા યોજનાની વિગતો

(વર્ષ ૨૦૨૦-૨૧)

www.sarkariyojanaguj.com

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ

ગુજરાત રાજય

ગાંધીનગર

## (વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતા પહેલા નીચે મુજબની વિગતો ધ્યાને રાખવી તથા નીચે મુજબના તમામ ડોક્યુમેન્ટ સ્કેન કરીને રાખવા)

### ધ્યાને રાખવાની વિગતો:

- ➔ વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાનુ છે કે તેનુ પોતાનુ ઇ-મેઇલ એડ્રેસ હોવું જરૂરી છે જો તે ન હોય તો તેને તાત્કાલિક ઇ-મેઇલ આઇ.ડી બનાવવાનું રહેશે.
- ➔ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીના મોબાઇલ નંબર પર **OTP (ONE TIME PASSWORD)** આવશે. તેમજ ભવિષ્યમાં જરૂરી મેસેજ તથા સુચનાઓ આવશે જેથી પોતાનો મોબાઇલ શિષ્યવૃત્તિ ન મળે ત્યા સુધી કાર્યરત હાલતમાં રહે તે વિદ્યાર્થીઓએ ખાસ ધ્યાનમાં રાખવુ.

### ડોક્યુમેન્ટ:

- ➔ વિદ્યાર્થીનો સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા જાતિના દાખલો
- ➔ સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલો વાલીનો આવકનો દાખલો (જો પિતા હયાત ન હોય તો તેવા કિસ્સામાં પિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અને જો માતા-પિતાએ છૂટાછેડા લીધા હોય છુટાછેડાનો આદેશ/આધાર રજૂ કર્યેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે.)
- ➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટ
- ➔ બેંક પાસબુકનું પ્રથમ પાનું જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે/ જો પાસબુક ન હોય તો Cancel ચેક જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે (જે બેંકો મર્જ થયેલ હોય તેવા કિસ્સામાં નવી બેંકના IFSC તથા નવા બેંક એકાઉન્ટ નંબર વાળી પાસબુક/ચેક)
- ➔ આધારકાર્ડ
- ➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબ સોગંધનામુ
- ➔ જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું સર્ટીફીકેટ (જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે જે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)
- ➔ વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ (વાર્ષિક)
- ➔ પાસપોર્ટ સાઇઝનો ફોટો
- ➔ જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર
- ➔ વિદ્યાર્થીના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર

નોંધ: વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવેલ છે કે વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા (જો કોઇ ડોક્યુમેન્ટ ઓરીજીનલ ઉપલબ્ધ ન થઇ શકે તેમ હોય તો જ નકલ અપલોડ કરવાની છુટ આપવામાં આવશે.)

www.sarkariyojanagujarat.com

(વિદ્યાર્થીએ ફાઇનલ પ્રિન્ટ આઉટ નીકાળ્યા બાદ અરજીમાં સહી કરીને નીચે મુજબના ડોક્યુમેન્ટ સ્વપ્રમાણિત કરી જે તે શાળા/કોલેજ/સંસ્થામાં જમા કરાવવાના રહેશે)

- વિદ્યાર્થીના સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા જાતિનો દાખલો
- સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલા વાલીના આવકનો દાખલો (જો વાલી સરકારી નોકરી કરતા હોય તો તેવા સંજોગોમાં ફોર્મનં:૧૬ પણ સાથે રજુ કરવુ.) (જો પિતા હયાત ન હોય તો તેવા કિસ્સામાં પિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અને જો માતા-પિતાએ છૂટાછેડા લીધા હોય તો છુટાછેડાનો આદેશ/આધાર રજૂ કર્યેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે.)
- વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટની નકલ
- બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે/ જો પાસબુક ન હોય તો Cancel ચેકની નકલ જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (IFSC), બેંકની શાખા દર્શાવેલ હોય તે (જે બેંકો મર્જ થયેલ હોય તેવા કિસ્સામાં નવી બેંકના IFSC તથા નવા બેંક એકાઉન્ટ નંબર વાળી પાસબુક/ચેક)
- ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબ સોગંધનામુ
- જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું પ્રમાણપત્ર (જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે જે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)
- વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચની નકલ (ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીને લાગુ પડશે નહિ.)
- જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્રની નકલ
- વિદ્યાર્થીની(કન્યા)ના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્રની નકલ
- જરૂર પડ્યે જિલ્લા અધિકારીશ્રી દ્વારા માંગવામાં આવતા આનુષાંગિક પુરાવા

સરકારી યોજનાઓની માહિતી મેળવવા માટે WhatsApp No- 9574923093 પર HI લખીને મોકલો.

ગુજરાતીમાં વધુ માહિતી માટે- www.sarkariyojanaguj.com

## અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર (પત્રક-અ)

### માત્ર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓએ Digital Gujarat Portal મારફત Online અરજી કરવાની થતી યોજનાઓની વિગત (વર્ષ: ૨૦૨૦-૨૧)

| અ. | યોજનાનું નામ | આવક મર્યાદા | કુમાર કે કન્યા | સહાયની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| 1 | **Post Matric Scholarship for SC Students (GOI) (BCK-6.1)** | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી મળવા પાત્ર | - ધો૧૧-૧૨, કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- ફ્રીશીપકાર્ડ વગરના વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ. |
| 1A | **Post Matric Scholarship for SC Students (GOI) (Freeship Card Students Only) (BCK-6.1)** | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી મળવા પાત્ર | - કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ<br>- ફ્રીશીપ-કાર્ડ ધરાવતા વિદ્યાર્થી ઓનલાઇન એપ્લાય નહિ કરે તો વિદ્યાર્થી તથા સંસ્થાને શિષ્યવૃત્તિ/શિક્ષણફી મળી શકશે નહિ જેની નોંધ લેવી.<br>- સદરહું યોજનામાં માત્ર શિક્ષણફી કોલેજના ખાતામાં સીધી જમા કરવામાં આવશે જ્યારે અન્ય સહાય વિદ્યાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે. |
| 2 | **Food Bill Assistance to SC Students (BCK-10)** | રૂ. ૪.૫૦ લાખ | કુમાર અને કન્યા | ૧૫૦૦/- માસિક સહાય | - સંસ્થા(કોલેજ) સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ ભોજનબીલ મળવા પાત્ર છે. |
| 3 | **Fellowship Scheme for M.Phil, Ph.D. for SC Students (BCK-11)** | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | ૨૫૦૦૦/- **M.Phil**<br>૩૦૦૦૦/- **P.hd** | - આ યોજનાનો લાભ M.Phil/P.hdમાં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને મહાનિબંધ (થીસીસ) રજુ કરવાની શરતે મળવાપાત્ર થશે. |
| 4 | **Instrumental Help to SC Students (Medical, Engineering, Diploma Students Only) (BCK-12)** | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | ૧૦૦૦૦/- **Medical**<br>૫૦૦૦/- **Engineering**<br>૩૦૦૦/- **Diploma** | - **Medical, Engineering, Diploma**ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર છે. |
| 5 | **Scholarship/Stipend to SC Students for ITI/Professional Courses (BCK-13)** | શહેરી વિસ્તાર: રૂ. ૧.૫૦ લાખ<br>ગ્રામ્ય વિસ્તાર: રૂ. ૧.૨૦ લાખ | કુમાર અને કન્યા | ૪૦૦/- માસિક સહાય | - ITIમાં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર |
| 6 | **Post Matric Scholarship for SC Girls Students Only (Having annual Family Income Between 2.50 to 6.00 Lac) (State Government Scheme) (BCK-5)** | રૂ. ૨.૫૦ લાખ થી રૂ.૬.૦૦ સુધી | માત્ર કન્યા | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી મળવા પાત્ર | - ઠરાવની શરતો મુજબ ૫૦% નુ ધોરણ ચકાસ્યા બાદ મળવાપાત્ર |
| 6A | **Post Matric Scholarship for SC Girls Students Only (Having annual Family Income More than 6.00 Lac) (State Government Scheme) (BCK-5)** | રૂ. ૬.૦૦ લાખથી વધુ | માત્ર કન્યા | માત્ર નિભાવ ખર્ચ મળવાપાત્ર | - ધો:૧૧-૧૨, કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર |
| 7 | **Private Tuition Coaching Assistance to SC Students (Science Stream) (Std:11-12) (BCK-7)** | રૂ. ૪.૫૦ લાખ | કુમાર અને કન્યા | ધો:૧૧માં રૂ.૧૫૦૦૦/-<br>ધો:૧૨માં રૂ.૧૫૦૦૦/- | - ધો:૧૧ તથા ૧૨ (વિજ્ઞાન પ્રવાહના) અનુ.જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન કરવા માટે સહાય આપવામાં આવે છે.<br>- ધો:૧૦માં ૭૦% કે તેથી વધુ ટકા આવેલ હોવા જોઇએ |
| 8 | **Tablet Assistance to SC Students (BCK-353)** | આવક મર્યાદા નથી. | કુમાર અને કન્યા | રૂ. ૧૦૦૦/- | - અનુ.જાતિના જે વિદ્યાર્થીએ શિક્ષણ વિભાગની ટેબલેટ યોજના હેઠળ રૂ.૧૦૦૦/- ભરીએ ટેબલેટ મેળવેલ હોય તે વિદ્યાર્થીને આ યોજનામાં હેઠળ રૂ.૧૦૦૦/- પરત મળવાપાત્ર છે. |

નોંધ: વિદ્યાર્થીએ ક્રમનં:૧ તથા ક્રમનં: ૨ પૈકીની કોઇપણ ૧ જ યોજનામાં ઓનલાઇન ફોર્મ ભરવાનુ છે, ઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે. (ઉક્ત તમામ યોજનાઓ માત્ર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે જ છે.)

www.sarkariyojanaguj.com

તમામ શિષ્યવૃત્તિના ઓનલાઈન ફોર્મ કેવી રીતે ભરવા તેની માહિતી માટે

www.sarkariyojanaguj.com